ગુજરાતી પત્રકારત્વના બસોમાં વર્ષના મંગલાચરણે સૌ ગરવા ગુજરાતીઓને વંદન-અભિનંદન

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૧ | ૧ જુલાઈ, ૨૦૨૧, ગુરૂવાર; જયેષ્ઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦



આજની પ્રાર્થના....

દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.

કોરોનાના મૃતકોને વળતર આપવા સુપ્રીમનો હુકમ

રકમ કેન્દ્ર સરકાર નક્કી કરે : આફતમાં મૃત્યુ પામનારાને સહાયની સરકારની જવાબદારી : સુપ્રીમ કોર્ટ દ્વારા એનડીએમએને કોવિડથી મૃત્યુના મામલે ઓછામાં ઓછી આર્થિક સહાયની ભલામણ માટે ગાઈડલાઈન્સ તૈયાર કરવાનો આદેશ

નવી દિલ્હી, તા. ૩૦

કોરોનાના કારણે જીવ ગુમાવનારા પરિવારજનોના સગાને આર્થિક સહાય કરવાનો મુદ્દો સુપ્રીમ કોર્ટે સાફ કર્યો છે. કોર્ટે આજે પોતાના આદેશમાં જણાવ્યું છે કે મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા જ વળતર મળે તે જરુરી નથી, પરંતુ તેમને વળતર જરુરી આપવું જોઈએ આ સરકારની બંધારણિય જવાબદારી છે. જસ્ટિસ અશોક ભૂષણની આગેવાનીવાળી બેંચે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) હેઠળની કલમ-૧૨નો ઉલ્લેખ કરીને આફતમાં મૃત્યુ પામનારા લોકોને સહાયની જોગવાઈ કરાયેલી છે, જેને પૂર્ણ કરવાની સરકારની જવાબદારી છે.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે એનડીએમએને ગાઈડલાઈન્સ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે એનડીએમએ પોતાની ગાઈડલાઈન્સમાં કોવિડથી મૃત્યુના મામલે ઓછામાં ઓછી આર્થિક સહાયની ભલામણ કરે. ધ્યાન રહે કે કોરોનાથી મૃત્યુ

● અનુસંધાન પાન-૭ પર

આંતરરાષ્ટ્રીય ઉડાનો પર ૩૧મી જુલાઈ સુધી પ્રતિબંધ

ડેલ્ટાના વધતા કેસોને લીધે ડીજીસીએનો નિર્ણય : કોમ્પીટેન્ટ ઓથોરિટી દ્વારા કેસ-દર-કેસના આધાર પર માત્ર સિલેક્ટેડ રૂટ પર ઉડાનના સંચાલનની મંજૂરી આપી શકાશે

નવી દિલ્હી, તા. ૩૦

ભારતમાં કોરોના સંક્રમણની સંભવિત ત્રીજી લહેરના ખતરાને જોતા અને ડેલ્ટા વેરિએન્ટના વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખતા નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશક (ડીજીસીએ) એ મોટો નિર્ણય લેતા દેશથી આંતરરાષ્ટ્રીય યાત્રી ઉડાનો આવવા અને જવા પર લાગૂ પ્રતિબંધને ૩૧ જુલાઈ સુધી લંબાવી દીધો છે. આ પહેલા કોરોના સંક્રમણની બીજી લહેરને કારણે ડીજીસીએએ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પ્રતિબંધ ૩૦ જૂન સુધી વધાર્યો હતો. પરંતુ કોમ્પીટેન્ટ ઓથોરિટી દ્વારા કેસ-દર-કેસના આધાર પર માત્ર સિલેક્ટેડ રૂટ્સ પર આંતરરાષ્ટ્રીય શેડ્યૂલ ઉડાનોના સંચાલનની મંજૂરી આપી શકાય છે.

ડીજીસીએ દ્વારા જારી સર્કુલરમાં કહેવામાં આવ્યું છે કે- આંતરરાષ્ટ્રીય ઉડાનો પર પ્રતિબંધ

વધારવાના નિર્ણયનો પ્રભાવ કાર્ગો વિમાનો પર પડશે નહીં. તો આ પ્રતિબંધમાં તે ઉડાનોને પણ છૂટ આપવામાં આવી છે જેને ખાસ કરીને ડીજીસીએ એ મંજૂરી આપી છે.

કાલુચક-કુંજવાનીમાં ફરીથી સંદિગ્ધ ડ્રોન જોવા મળ્યા

ડ્રોન દેખાયા બાદ સુરક્ષાદળો એલર્ટ : એરફોર્સ સ્ટેશન પર થયેલા ડ્રોન હુમલા બાદથી સતત સરહદ પારથી ડ્રોન હુમલાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે

જમ્મુ,તા.૩૦

એરફોર્સ સ્ટેશન પર થયેલા ડ્રોન હુમલા બાદથી સતત સરહદ પારથી ડ્રોન હુમલાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. આ જ કડીમાં આજે વહેલી સવારે કાલુચકમાં એકવાર ફરીથી શંકાસ્પદ ડ્રોન ઉડતા જોવા મળ્યા. આ ઘટના સવારે ૫ વાગ્યાની આસપાસની હોવાનું કહેવાય છે. સેનાના સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ આજે સવારે ફરીથી બે ડ્રોન જોવા મળ્યા. આ ડ્રોન કાલુચક અને કુંજવાની વિસ્તારમાં દેખાયા હતા. બુધવારે સવારે લગભઘ ૪.૪૦ વાગે કાલુચકમાં ગોસ્વામી એક્લેવ પાસે ડ્રોન જોવા મળ્યું. ત્યારબાદ લગભગ ૪.૫૨ વાગે કુંજવાની વિસ્તારના જ એરફોર્સ સિગ્નલ પાસે ડ્રોન જોવા મળ્યું. આ ડ્રોન લગભગ ૮૦૦ મીટરની ઊંચાઈ પર હતું. આ અગાઉ પણ રવિવારે રાતે કાલુચક મિલિટરી સ્ટેશન નજીક બે ડ્રોન ઉડતા જોવા મળ્યા

● અનુસંધાન પાન-૭ પર

કેનેડાના બ્રિટિશ કોલમ્બિયામાં ગરમીથી ૪ દિ'માં ૨૩૦નાં મોત

ઠંડા દેશમાં ગરમીએ રેકોર્ડ તોડ્યો : મંગળવારે લેટનમાં તાપમાન ૧૨૧ ફેરનહીટ થયું

ટોરેન્ટો, તા. ૩૦

ઠંડા પ્રદેશોમાં સામેલ કેનેડા હાલમાં આકરી ગરમીમાં શેકાઈ રહ્યું છે. ગરમીએ અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. ગરમીના કારણે લોકો મરી રહ્યા છે. કેનેડાના બ્રિટિશ કોલમ્બિયામાં ચાર દિવસમાં ૨૩૦થી વધુ લોકોના મોત થયા છે. દેશમાં ગરમીએ સળંગ ત્રીજા દિવસે રેકોર્ડ તોડ્યો છે. મંગળવારે લેટનમાં તાપમાન ૧૨૧ ફેરનહીટ પહોંચ્યું હતું. રવિવાર અગાઉ કેનેડામાં તાપમાન ક્યારેય ૧૧૩ ફેરનહીટથી વધ્યું ન હતું. છેલ્લે ૧૯૩૭માં કેનેડામાં ૧૧૩ ફેરનહીટ તાપમાન નોંધાયું હતું.

કેનેડાના વેધર સર્વિસે જણાવ્યું હતું કે, આકરી ગરમીનું વર્ણન કરવા માટે શબ્દો નથી અને બ્રિટિશ કોલમ્બિયામાં નોંધાયેલું રેકોર્ડ તાપમાન લાસ વેગાસમાં નોંધાયેલા સર્વકાલીન રેકોર્ડથી પણ વધી ગયું છે. ૧૦,૦૦૦ વર્ષોમાં એક વખત ઊભી થતી આવી પરિસ્થિતિ હીટ ડોમના કારણે થાય છે. જેનો મતલબ છે કે વાતાવરણમાં ગરમી અત્યંત વધી જાય છે અને તે દબાણ ઊભું કરે છે અને પવનની પેટર્નને પણ અસર કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

મહારાષ્ટ્રમાં ઘરે-ઘરે જઈને વેક્સિન આપવામાં આવશે

મહારાષ્ટ્ર સરકારે મુંબઈ હાઈકોર્ટને આ જાણકારી આપી, અભિયાનનો પાયલોટ પ્રોજેક્ટને પૂણેથી હાથ ધરાશે

મુંબઈ, તા. ૩૦

ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રે મોટો નિર્ણય લીધો છે. મહારાષ્ટ્રની સરકારે હવે ઘરે ઘરે જઈને કોરોનાની વેક્સીન આપવાનુ નક્કી કર્યુ છે. આ માટે રાજ્ય સરકાર કેન્દ્ર પર આધાર નહીં રાખે. આ અભિયાનના પાયલોટ પ્રોજેક્ટને પૂણેમાં હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારે મુંબઈ હાઈકોર્ટને આ જાણકારી આપી હતી. ઘરે ઘરે જઈને વેક્સીન આપવા અંગેની પિટિશનની સુનાવણી દરમિયાન સરકારે કોર્ટને આ જાણકારી આપી હતી. પિટિશનમાં માંગ કરવામાં આવી હતી કે, જે લોકો ઘરડા છે અને ગંભીર બીમારીના કારણે ઘરેથી બહાર નીકળી શકતા નથી તેમને ઘરે બેઠા વેક્સીન આપવામાં આવે.

આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સરકારને સવાલ પણ પૂછ્યો હતો કે, ઘરે ઘરે જઈને રસી આપવા માટે રાજ્ય સરકારને કેન્દ્ર સરકારની મંજૂરીની જરૂર કેમ છે, શું રાજ્ય સરકાર દરેક કામ કેન્દ્રને પૂછીને કરે છે, બિહાર-કેરલ અને ઝારખંડે આ માટે કેન્દ્ર સરકારની મંજૂરી લીધી હતી? હાઈકોર્ટે સરકારને પોતાની નીતિ સ્પષ્ટ કરવા માટે ૩૦ જૂન સુધીનો સમય આપ્યો હતો.

એ પછી રાજ્ય સરકારે જવાબ આપ્યો છે કે, કેન્દ્રની મંજૂરી વગર ઘરે જઈને રસી આપવામાં આવશે. સરકારે વધુમાં કહ્યુ હતુ કે, પૂણેના વિદ્યાર્થીઓના વેક્સીનનેશનના અનુભવ અને આ જિલ્લાના કદને ધ્યાનમાં લેતા પૂણેમાં તેનો પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવાનુ નક્કી કરાયુ છે.

ભૈયાજી જોશી મંદિર પ્રોજેક્ટના કેરટેકરની ભૂમિકા ભજવશે

ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી સુધી સંઘના નવા સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલે લખનૌમાં જ રહેશે

ન્યુ દિલ્હી,તા.૩૦

થોડાક દિવસો પહેલા આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે આરોપ લગાવ્યો હતો કે રામ મંદિર નિર્માણ માટે ટ્રસ્ટે ૨ કરોડ રૂપિયાની જમીન ૧૮ કરોડ રૂપિયાથી વધારેની કિંમત આપીને ખરીદી છે. આ વિવાદ સામે આવ્યા બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કમાન પોતાના હાથમાં લઈ લીધી છે. અત્યાર સુધી સંઘના સરકાર્યવાહ રહેલા ભૈયાજી જોશી મંદિર પ્રોજેક્ટના કેરટેકરની ભૂમિકા ભજવશે. આ પ્રોજેક્ટ ભૈયાજી જોશીની દેખરેખ હેઠળ ચાલશે.

આ નિર્ણય સંઘમાં એનૌપચારિક રીતે લેવામાં આવ્યો છે. તો બીજી તરફ રાજકીય નિષ્ણાંતો કહે છે કે આ મુદ્દો માત્ર અયોધ્યાનો નથી. આરએસએસની નજર ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પર પણ છે. આવતા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીને લઈને ભાજપનું સ્થાન મજબૂત હોવાનું કહેવાય છે. જો કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય વચ્ચેનો ઝઘડો કોઈથી છુપાયો નથી.

ભાજપના દલિત વોટ બેંક પર આની અસર પડી શકે છે.



આને ધ્યાનમાં રાખીને સંઘના નવા સરકાર્યવાહ દત્તાત્રેય હોસબોલે હવે લખનૌમાં રહેશે. આવું પહેલીવાર થશે કે સંઘના ૨ દિગ્ગજ નેતા ભૈયાજી જોશી અને દત્તાત્રેય હોસબોલે એક સાથે ઉત્તરપ્રદેશમાં રહેશે. સંઘ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી અને પછી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જીતવા માટે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા ઇચ્છતુ નથી.

ગામડાને ઈન્ટરનેટ સાથે જોડવા ભારત નેટ પ્રોજેક્ટને મંજૂરી

વડાપ્રધાન મોદીના અધ્યક્ષપદે કેબિનેટની બેઠક યોજાઈ : રાહત પેકેજને પણ મંજૂરી સહિત અનેક મહત્વના નિર્ણયો

નવી દિલ્હી, તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ અને કેબિનેટ કમિટી ઓન ઇકોનોમિક અફેયર્સની બેઠક યોજાઈ છે. આ બેઠકમાં પાવર ડિસ્ટ્રિબ્યૂશન રિફોર્મને મંજૂરી આપવામાં આવી છે. સાથે દેશના ગામડાઓને ઈન્ટરનેટ સાથે જોડવા માટે ભારત નેટ પ્રોજેક્ટ હેઠળ ફંડને પણ મંજૂરી આપવામાં આવી છે. ભારત નેટ પ્રોજેક્ટ માટે ૧૯ હજાર કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી મળી છે.

કેબિનેટની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય વિશે જાણકારી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ- બે દિવસ પહેલા નાણામંત્રી નિર્મલા સીતારમને કોવિડને કારણે ૬ લાખ ૨૮ હજાર કરોડની મદદનું જે માળખુ જણાવ્યું હતું તેને આજે કેબિનેટે મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યુ- પહેલાની સરકારો જાહેરાત કરતી હતી તેને ઘણા દિવસો બાદ લાગૂ કરતી હતી, પરંતુ મોદી સરકારે યોજના જલદી લાગૂ કરી દીધી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું- જૂનથી નવેમ્બર સુધી સરકારે ફ્રી અનાજ આપવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ આ વખતે મેથી

નવેમ્બર સુધી ૮૦ કરોડ લોકોને ફ્રી અનાજ મળશે, તે માટે ૯૩ હજાર કરોડ રૂપિયા જાહેર કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું ડીએપી ખાતર, યૂરિયાના ભાવ ન વધે તે માટે ૧૪ હજાર કરોડ રૂપિયાની સબ્સિડી આપવામાં આવી છે. ગામમાં બ્રોડબેન્ડ સુવિધા માટે ૧૯ હજાર કરોડ આપવામાં આવ્યા છે. ૯૭ હજાર કરોડ રૂપિયા વીજળી વ્યવસ્થાના સુધાર માટે, ૧ લાખ ૨૨ હજાર કરોડ રૂપિયા એક્સપોર્ટ સુવિધા માટે આપવામાં આવ્યા છે. આ આત્મનિર્ભર ભારતનું ચોથુ પેકેજ છે જે તત્કાલ પ્રભાવથી લાગૂ થશે. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ- દરેક ગામ સુધી ઇનફોર્મેશન હાઈવે પહોંચાડવા માટે પ્રધાનમંત્રી મોદીએ ઐતિહાસિક નિર્ણય લીધો છે. પાછલા વર્ષે ૧૫ ઓગસ્ટે દેશના ૬ લાખ ગામડાને ઓપ્ટિકલ બ્રોડબેન્ડમાં લાવવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો. આજે અમે ૧ લાખ ૫૬ હજાર ગામડાઓ સુધી પહોંચી ચુક્યા છીએ. દેશના ૧૬ રાજ્યોમાં ભારત નેટને પીપીપી મોડલ હેઠળ લાગૂ કરવામાં આવ્યું છે.

રાજેશ્વર-જ્યોતિષ
વાસ્તુ માર્ગદર્શન

- શું તમે તમારા જીવનમાં આર્થિક, માનસિક, શારીરિક સમસ્યાઓથી પીડીત છો..?? દવાઓથી સમાધાન મળતું નથી..?? તો વાસ્તુદોષ-ભૂમિદોષ તો નથી ને..?? આ માટે જ્યોતિષ-વાસ્તુ દ્વારા સાયન્ટીફીક કારણ જાણી એડવાન્સ વાસ્તુ ટેકનિક દ્વારા વાસ્તુદોષ, ભૂમિદોષ નિવારણ, મલીનતા નેગેટીવીટી દૂર કરી પોઝિટિવ ઉર્જા દ્વારા દરેક સમસ્યાઓનું સમાધાન કરી આપવામાં આવશે.
- સંપૂર્ણ નવા જન્માક્ષર જેની અંદર સચોટ ફળાદેશની સાથે સાથે સ્વાસ્થ્ય અને આર્થિક એસ્ટ્રેગ્રાફ, અંકશાસ્ત્ર, નક્ષત્ર ઉપાય, લાલકિતાબના ઉપાયો તેમજ કષ્ટ નિવારણ ઉપાયોનો સમાવેશ કરેલ છે.
- તેજસ્વી સંતાન પ્રાપ્તિના અમારા દરેક પ્રયત્નો સફળ છે.
- દરેક પ્રકારના ધાર્મિક કાર્યો-વિધિવિધાન શાસ્ત્રોક્ત પદ્ધતિ દ્વારા કરી આપવામાં આવશે.
- અગાઉથી એપોઈન્ટમેન્ટ મેળવીને આવવું.
- જ્યોતિષ માર્ગદર્શન ફોન ઉપર મફત આપવામાં આવશે.

આપના ગામ અથવા સોસાયટીમાં જ્યોતિષ, વાસ્તુ, શિબિર તથા વાસ્તુ ઉર્જા-સ્કેનરના ફ્રી ડેમો માટે સંપર્ક કરવો.

પુરાણી કીર્તિકુમાર પી. (વ્યાસજી)
એમ.એ., બી.એડ્., જ્યોતિર્વિદ, જ્યોતિષ શિરોમણી, વાસ્તુવિદ
મો : ૯૮૭૯૧૪૯૯૧૨, ૮૧૬૦૬૪૫૪૪૨
પુરાણી રવિ શાસ્ત્રી મો.૯૪૨૬૭૦૯૭૬૧

અમૂલ દૂધની કિંમતોમાં 1.5 વર્ષ પછી નજીવો વધારો.

પ્રકાર	SKU	હાલની એમઆરપી* (₹)	નવી એમઆરપી* (₹)
અમૂલ ભેંસનું દૂધ	500 મિલી	29	30
અમૂલ ગોલ્ડ	500 મિલી	28	29
અમૂલ શક્તિ	500 મિલી	25	26
અમૂલ ટી – સ્પેશ્યલ	500 મિલી	26	27
	1 લીટર	51	53
અમૂલ ગાયનું દૂધ	500 મિલી	23	24
અમૂલ તાજા	500 મિલી	22	23
	1 લીટર	43	45
અમૂલ ચ્હા મઝા	500 મિલી	22	23
	1 લીટર	44	46
અમૂલ સ્લિમ 'એન' ટ્રિમ	200 મિલી	8	9
	500 મિલી	19	20
અમૂલ દેશી A2 ગાયનું દૂધ	500 મિલી	28	29

*એમઆરપી (બધાં કરવેરા સહિત) શરતો લાગુ.

અમૂલ દૂધ

Amul The Taste of India

અમે દૂધની કિંમતોમાં પ્રતિ લીટર ₹2 નો નજીવો વધારો કર્યો છે, જે ઉત્પાદન ખર્ચમાં વધારો થવાને લીધે કરાયો છે. નવી કિંમતો 1 જુલાઈ, 2021 ના રોજ સવારથી અમદાવાદ, ગાંધીનગર, ભરૂચ, સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, ખેડા, આણંદ, પંચમહાલ, નર્મદા જીલ્લા અને નજીકના માર્કેટમાં લાગુ રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી અહીં સંપર્ક કરો – અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079 - 23969055 / 56 / 57, ભરૂચ: 7778970697; 7359129222 | ટોલ ફ્રી નં. 1800-258-3333